**<u>ફોજદારી કેસ નં.૬૬૬/૨૦૨૬.</u>**

**<u>જેતપુરના મહે.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, મુકામઃજેતપુર.</u>**

**<u>//આંક–૦૧ તળે હુકમ.//</u>**

ફરિયાદીઃ– શ્રી સરકાર.

વિરુદ્ધ

આરોપીઃ– નનુભાઈ પ્રાગજીભાઈ માથાસુરીયા.

રહે.મુળ પીચાવા ગામ તા.વીસાવદર હાલ રહે.જેતપુર દેરડીધાર

**<u>ગુનોઃ– બી.એન.એસ.ની કલમ–૨૧૧ મુજબ.</u>**

**૧.** આ કામે આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ–૨૧૧ મુજબનો ગુનો નોંધાયેલ છે અને તપાસના અંતે તપાસ અધિકારીએ સદરહુ ગુનાનું અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ.

**૨.** આ કામે આરોપી હાજર થતાં તેઓ જણાવે છે કે, તેઓ આ ગુનો કબૂલ કરવા માંગે છે. તેઓએ તેમની રાજીખુશી અને મુક્ત સંમતિથી કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે. આરોપીનું નિવેદન લેતાં, ગુના કબૂલાતની પુરસીસને વળગી રહે છે. આરોપીની સ્વેચ્છીક ગુનાની કબૂલાત ધ્યાને લઈ ઉપરોક્ત ગુના અંગે તકસીરવાર ઠરાવુ છુ.

**૩.** આરોપીને સજા અંગે સાંભળ્યા, આરોપીની કબૂલાતની પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લીધા. નામદાર ગુજરાત વડી અદાલતના ``*રાજય* વિરુદ્ધ *નટવર હરચંદજી ઠાકોર* (૨૦૦૫(૧)ગુ.લો. રીપોર્ટર પાનું ૭૦૯)``નો ચુકાદો ધ્યાને લીધો. આરોપીની ગુના કબૂલાત

પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં, આરોપીને કાયદાનુસારની ન્યૂનતમ કે મહત્તમ સજાના કરવાથી પણ ન્યાયનું હીત જળવાઇ રહેશે તેમ જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

- આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ−૨૭૫ અન્વયે બી.એન.એસ.ની કલમ−૨૧૧ મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી, આરોપીને રૂ.૨૫૦૦/−(અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન−૦૨ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**જેતપુર.**

**UIC−GJ01563**